તંત્રી સ્થાનેથી

Editorial....

વિપક્ષી ગઠબંધનમાં ખેંચતાણ

વિપક્ષી ગઠબંધનમાં બધું જ સમુસૂતરું નથી ચાલી રહ્યું એના સંકેત હવે વધુ સ્પષ્ટ દેખાવા લાગ્યા છે. ગત દિવસે જ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કોંગ્રેસ અને ભાજપને એક જેવા ગણાવી દીધા! તેઓ એનાથી ગુસ્સે ભરાયા છે કે મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સપા સાથે મળીને ચૂંટણી લડવા તૈયાર નથી. તે પહેલાં પણ કોંગ્રેસના વલણને લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા હતા, પરંતુ છતાં એવું લાગ્યું કે કોંગ્રેસ તેમને મનાવવા માંગે છે અને એ જ કારણે થોડા નરમ પડ્યા, પરંતુ હવે જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસ મધ્ય પ્રદેશમાં તેમને કોઈ મહત્ત્વ નથી આપવાની એટલે તેઓ ફરીથી હુમલા કરવા લાગ્યા છે. આ વખતે તેમણે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે તેની વિચારધારા એવી જ છે, જેવી ભાજપની છે. તેમણે કોંગ્રેસ પર એવો આરોપ પણ લગાવ્યો કે તેણે જ આઝાદી બાદ જાતિગત ગણના ન થવા દીધી અને હવે તે તેની માંગ કરી રહી છે. સ્પષ્ટ છે કે તેઓ નથી ઇચ્છતા કે કોંગ્રેસ આ મુદ્દે લાભ લઈ જાય. અખિલેશ યાદવે એ પણ સ્પષ્ટ કરી દીધું કે હવે લોકસભા ચૂંટણીમાં જ એ જોવામાં આવશે કે સાથે મળીને ચૂંટણી લડવી સંભવ થઈ શકશે કે નહીં? તેઓ એમ પણ કહી ચૂક્યા છે કે ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી દરમ્યાન મળીને ચૂંટણી લડવાની સમજૂતી થાય છે તો સપા ૬૫ સીટો પર ચૂંટણી લડશે અને નહીં થાય તો તમામ ૮૦ સીટો પર. કોંગ્રેસના વલણથી માત્ર અખિલેશ યાદવ જ નારાજ નથી. થોડા દિવસ પહેલાં નીતિશ કુમારે પણ એમ કહીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી કે ગઠબંધનમાં કોઈ કામ નથી થઈ રહ્યું અને કોંગ્રેસનું બધું ધ્યાન વિધાનસભા ચૂંટણીઓ પર છે. વિપક્ષી ગઠબંધનમાં બધું જ ઠીકઠાક નથી, એ વાત જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પણ કહી ચૂક્યા છે અને એનસીપીના નેતા શરદ પવાર પણ.

જોકે કોંગ્રેસ ગઠબંધનની મુખ્ય ઘટક છે, પરંતુ તેના વલણથી એ સ્પષ્ટ છે કેતે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં આ ગઠબંધનના ઘટક પક્ષોને કોઈ ભાવ આપવા તૈયાર નથી. તેની રણનીતિ એ છે કે જો તે રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તેલંગણા અને મિઝોરમમાં બહેતર પ્રદર્શન કરે છે તો લોકસભા ચૂંટણીમાં ગઠબંધનના ઘટકો સાથે પોતાની શરતો પર સમજૂતી કરવામાં સક્ષમ થઈ શકશે. તે આ રણનીતિ પર એટલા માટે ચાલી રહી છે, કારણ કે કોંગ્રેસ લોકસભા ચૂંટણી ઓછામાં ઓછી સીટો પર લડે. કેટલાક ઘટક તો એ સૂચન આપી ચૂક્યા છે કે કોંગ્રેસે એ બસો-અઢીસો સીટો પર જ ચૂંટણી લડવી જોઈએ, જ્યાં તેનો ભાજપ સાથે સીધો મુકાબલો છે. આ જ રીતે કેટલાક ઘટક એવા પણ છે જે લોકસભા ચૂંટણીમાં પોતાના પ્રભાવવાળા રાજ્યોમાં કોંગ્રેસને કોઈ રાહત આપવા તૈયાર નથી. કોંગ્રેસ અને વિપક્ષી ગઠબંધનના ઘટકો એકબીજાને ઉતરતા આંકી રહ્યા છે તેથી આ ગઠબંધનની મુંબઈ બેઠક બાદ સમન્વયની દિશામાં આગળ વધવાને બદલે એક પ્રકારનો ગતિરોધ દેખાઈ રહ્યો છે. ના તો સંયુક્ત રેલીઓના પ્રસ્તાવ પર કોઈ વાત બની અને ના સીટોની વહેંચણીની દિશામાં કોઈ પહેલ થઈ શકી. ગઠબંધનના કોઈ સંયોજક પણ નક્કી ન થઈ શક્યા.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આઈએનડીઆઈએના ઘટકોમાં કોઈ તાલમેલના અણસાર એટલા માટે નથી, કારણ કે આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે કોઈ વાત કર્યા વિના મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં પોતાના ઉમેદવાર ઉતારી દીધા. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસમાં તેને લઈને પણ કોઈ સમજણ સ્થપાતી નથી દેખાતી કે દિલ્હી અને પંજાબમાં કોણ કેટલી સીટો પર લોકસભા ચૂંટણી લડશે? વિપક્ષી ગઠબંધનના ઘટકો ભલે કોંગ્રેસ પર એ આરોપ નાખે કે વિધાનસભા ચૂંટણીમાં તેમને કોઈ મહત્ત્વ નથી અપાતું, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે જે પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ થવાની છે, ત્યાં આ ઘટક પક્ષોનો કોઈ ઠોસ રાજકીય આધાર નથી. તેઓ કોંગ્રેસ પર ગઠબંધન ધર્મનું પાલન નહિ કરવાનો આરોપ લગાવીને એના પર દબાણ બનાવવાનું જ કામ કરી રહ્યા છે.

હાઈકોર્ટે દુકાનો ખાલી કરવવા હુકમ કર્યો હતો
લાલ દરવાજાની ભાડાંની ૯ દુકાનને સુપ્રીમે સ્ટે ન આપ્યો

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદ જિલ્લા પંચાયતની ભાડાની ૯ દુકાનોના ભાડુઆતોને ગુજરાત હાઈકોર્ટે સ્ટે નહીં આપી દુકાનનો કબજો સોંપવા આદેશ કર્યો હતો.

આ આદેશને સુપ્રીમમાં પડકારાયો હતો. સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના હુકમને બહાલ રાખ્યો છે. વધુ સુનાવણી ૧ ડિસેમ્બરે થશે.

લાલદરવાજા ખાતેની કરોડો કિંમતની ૯ દુકાનોના ભાડુઆતો સામે નીચલી કોર્ટમાં કેસચાલતો હતો. આ કેસમાં જિલ્લા પંચાયતને પ્રથમ સફળતા મળી હતી. આ પછી ભાડુઆતો ગુજરાત હાઈકોર્ટમાં ગયા હતા. હાઈકોર્ટે પણ ભાડાંની દુકાનો ખાલી કરી દેવા હુકમ કર્યો હતો. સાત દિવસમાં દુકાનનો કબજો લઈ જિલ્લા પંચાયતની તરફેણમાં હુકમ કરાયો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, માત્ર સુનાવણી થશે. હાલ ડીડીઓ મેહુલ દવે અને બાંધકામ સમિતિના પૂર્વ મહિલા ચેરમેન સુરજિતસિંહ ગોહિલની દેખરેખ હેઠળ જિલ્લા પંચાયતે દુકાન કબજો લઈ લીધો છે. દુકાનોની બહાર તારની વાડ કરાઈ છે. જેથી કરીને ફેરિયાઓ દુકાનના આગળના ભાગનો ઉપયોગ કરે નહીં અને બિનજરૂરી દબાણો ઉભા થાય નહીં.

શાહીબાગમાં જાહેર રસ્તા પર કચરાના ઢગલાથી પ્રજા પરેશાન, તંત્રની સફાઈ કામગીરી નહિવત

(એજન્સી) અમદાવાદ,

શાહીબાગમાં જાહેર માર્ગ પર લોકો દ્વારા ખુલ્લેઆમ કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. ગંદકી વધી રહી છે ત્યારે તંત્રની કક કાર્યવાહીની જરૂર હોય તેવું સ્થાનિકો જણઆવી રહ્યાં છે. અતિશય દુર્ગંધમાંથી સ્થાનિકોને પસાર થવાનો વારો આવ્યો હોવાથી ભારે હાલાકી પડી રહી છે. તંત્ર વહેલી તકે, જાહેર માર્ગો પરની ગંદકી દૂર કરે અને ગંદકી ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

બેંક ઓફ ઈન્ડિયાએ નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૪૫૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો

અમદાવાદ ,

જાહેર ક્ષેત્રની અગ્રણી બેંક, બેંક ઓફ ઈન્ડિયાએ નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૪૫૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો જે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૯૬૦ કરોડ હતો. ઓપરેટિંગ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૧૧% સુધરીને નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૩,૭૫૬ કરોડ પર રહ્યો હતો જે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૩,૩૭૪ કરોડ હતો.

ચોખ્ખી વ્યાજ આવક (એનઆઈઆઈ) વાર્ષિક ધોરણે ૧૩% સુધરી છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૫,૭૪૦ કરોડ હતી જે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળા માટે રૂ. ૫,૦૮૩ કરોડ હતી. બિન-વ્યાજ આવક વાર્ષિક ધોરણે ૧૯% વધી છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૪૧૭ કરોડની સામે નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧,૬૮૮ કરોડ થઈ છે.

એનઆઈએમ (ગ્લોબલ) નાણાંકીય વર્ષ ૨૦૨૩ના બીજા ત્રિમાસિક ગાળામાં ૩.૦૪% સામે નાણાંકીય વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૪ બેસિસ પોઈન્ટ્સ વધી ૩.૦૮% થયો હતો. વૈશ્વિક વ્યાપાર વાર્ષિક ધોરણે ૯.૨૫% વધીને સપ્ટેમ્બર ૨૦૨૨માં રૂ. ૧૧,૪૧,૩૫૬ કરોડથી સપ્ટેમ્બર ૨૦૨૩માં રૂ. ૧૨,૪૬,૮૭૯ કરોડ થયો છે. ડોમેસ્ટિક ડિપોઝિટ સપ્ટેમ્બર ૨૦૨૨માં રૂ. ૫,૫૧,૪૦૧ કરોડથી ૮.૬૧% વધીને સપ્ટેમ્બર ૨૦૨૩માં રૂ. ૫,૯૮,૮૫૦ કરોડ થઈ ગઈ છે.

ગ્રોસ એનપીએ જૂન ૨૦૨૩માં રૂ. ૩૪,૫૮૨ કરોડથી ત્રિમાસિક ધોરણે ૮.૨૮% ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૩માં રૂ. ૩૧,૭૧૯ કરોડ થઈ હતી. પ્રોવિઝનલ કવરેજ રેશિયો (પીસીઆર) જૂન ૨૦૨૩માં ૮૯.૫૨% સામે સપ્ટેમ્બર ૨૦૨૩માં ૮૯.૫૮% હતો. મૂડી પર્યાપ્તતાના મોરચે, ૩૦-૦૯-૨૦૨૩ના રોજ બેંકનો કુલ મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (સીઆરએઆર) જૂન ૨૦૨૩માં ૧૫.૬૦% સામે ૧૫.૬૩% હતો.

દિવાળી નિમિત્તે પ્રોપ્રટી ટેક્સના ડિફોલ્ટર્સને રાહત : તા. ૧ ડિસેમ્બરથી મેગા સીલિંગ ઝુંબેશ

(એજન્સી) અમદાવાદ,

શહેરમાં હવે આવતા ગુરુવાર તા. ૯ નવેમ્બરથી દિવાળીના સપરમા દિવસોનો પ્રારંભ થઈ રહ્યો છે. રમા એકાદશીથી દિવાળીના તહેવારો શરૂ થઈ છેક દેવદિવાળી સુધી તેની રોનક રહેવાની છે. અગાઉનાં વર્ષોથી સરખામણીમાં આ વર્ષે દિવાળી વધુ તાજગીસભર બની છે. નોકરિયાત વર્ગ સહિતના ધંધાર્થીઓમાં ધામધૂમથી દિવાળી ઉજવવાનો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ખરીદી માટેનાં વિવિધ બજારમાં લોકોની ભારે ભીડ નજરે પડી રહી છે. જેના કારણે વેપારીઆલમમાં પણ ભારે ખુશીનો માહોલ છવાયો છે. આવા હશીખુશીના માહોલને મ્યુનિસિપલ સત્તાવાળાઓ પણ યથાવત્ રાખવાના છે, કેમ કે તંત્રના પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા તહેવારોના આ સપરમાં દિવસોમાં બાકી ટેક્સના ડિફોલ્ટર્સ સામે સીલિંગ ઝુંબેશ હાથ ધરાશે નહીં એટલે વેપારીઓ મોકળામને વેપાર કરી શકશે.

હિન્દુઓ દિવાળીને તહેવારોનો રાજા માને છે. દિવાળીએ સામાન્યમાં સામાન્ય માણસને પણ ઘર-પરિવાર માટે મીઠાઈ, વસ્ત્રો, ફટાકડા અને રમકડાં વગેરે ખરીદવાનો ઉમંગ હોય છે. આમાં પણ છેલ્લાં બે-ત્રણ વર્ષ તો કોરોનાના કારણે લોકોને ભયભીત કરવાનાં રહ્યા હતા. હવે જ્યારે કોરોનાની દહેશત નિર્મૂળ થઈ છે ત્યારે લોકો અવનવી ખરીદી માટે ઉત્સાહિત થઈ બજારમાં ઉમટી પડ્યા છે. વેપારીઆલમમાં પણ હબજારમાં ઊમટેલા ગ્રાહકોને જોઈ આનંદ છવાયો છે. લાંબા સમય પ છી બજારમાં તેજીની ઝલક દેખાઈ રહી છે.

શહેરના ભાજપના શાસકોએ લોકો અને વેપારીઓને હર્ષોલ્લાસ સાથે દિવાળી મનાવવા સકારાત્મક પડઘો પાડ્યો છે, જેના કારણે પ્રોપર્ટી ટેક્સના ડિફોલ્ટર્સની મિલકતને તાળાં ન મારવા માટે અંદરખાને નિર્ણય લેવાયો છે, જે મુજબ પ્રોપર્ટી ટેક્સ વિભાગને પણ સૂચના અપાઈ ગઈ છે એટલે તંત્ર પણ હળવા મૂડમાં જણાઈ રહ્યું છે.

આગામી તા. ૨૭ નવેમ્બરે દેવદિવાળી હોઈ ત્યાર બાદ સત્તાવાળાઓ મોટી રકમના ડિફોલ્ટર્સ સામે રાબેતા મુજબની સીલિંગ ઝુંબેશ હાથ ધરશે તેમ ચર્ચાઈ રહ્યું છે. બીજા અર્થમાં શાસકો-તંત્ર વેપારીઓની દિવાળી બગડવા નહીં દે.

દરમિયાન મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્સ વિભાગ તરફથી ગત તા. ૧ એપ્રિલ, ૨૦૨૩થી ગઈકાલ એટલે કે તા. ૬ નવેમ્બર સુધીમાં પ્રોપ્રટી ટેક્સની આવક પેટે તિજોરીમાં રૂ. ૯૯૮.૮૬ કરોડ ઠલવાઈ ચૂક્યા છે, જેમાં પશ્ચિમ ઝોનમાંથી રૂ. ૨૬૬.૮૦. મધ્ય ઝોનમાંથી રૂ. ૧૨૧.૨૯, ઉત્તર ઝોનમાંથી રૂ. ૮૮.૭૨, દક્ષિણ ઝોનમાંથી રૂ. ૮૯.૦૧, પૂર્વ ઝોનમાંથી રૂ. ૧૧૧.૪૯, ઉત્તર પશ્ચિમ ઝોનાંથી રૂ. ૧૭૩.૭૨ અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાંથીર્.ા. ૧૪૭.૮૪ કરોડની આવક તંત્રને પ્રાપ્ત થઈ ચૂકી છે. આ ગત નાણાકીય વર્ષના આટલા સમયગાળામાં મ્યુનિ. પ્રોપ્રટી ટેક્સ વિભાગને રૂ. ૭૧૨.૪૪ કરોડની આવક થઈ હતી. આની સામે ચાલુ નાણાકીય વર્ષમાં આવક રૂ. ૨૮૬.૪૨ કરોડનો વધારો નોંધાયો છે, જે આવકમાં ૪૦.૨૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પ્રોપર્ટી ટેક્સની મહિનાદીઠ આવક તપાસતાં એપ્રિલમાં રૂ. ૨૨૦ કરોડ, મેમાં સૌથી વધુ રૂ. ૪૬૮.૬૬ કરોડ, જૂનમાં રૂ. ૨૮.૬૨ કરોડ, જુલાઈ રૂ. ૨૨.૩૦ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૮૧.૨૯ કરોડ, સપ્ટેમ્બરમાં રૂ. ૧૦૬.૬૯ કરોડ, ઓક્ટોબરમાં રૂ. ૫૮.૭૭ કરોડ અને ચાલુ નવેમ્બર મહિનાના છેલ્લા છ દિવસમાં રૂ. ૧૨.૫૩ કરોડની આવક મ્યુનિ. તિજોરીમાં ઠલવાઈ ચૂકી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા રોજેરોજ તો બાકી ટેક્સના ડિફોલ્ટર્સ સામે સીલિંગ ઝુંબેશ હાથ ધરાયા છે, જો કે દર શુક્રવારે પ્રોપ્રટી ટેક્સ વિભાગ ખાસ મેગા સીલિંગ ઝુંબેશ હાથ ધરતો રહ્યો છે, જેમાં ઓછામાં ઓછી હજારથી બે હજાર કોમર્શિયલ મિલકતને તંત્રના તાળાં લાગે છે, અલબત્ત, લાંબા સમયથી તંત્રની સીલિંગ ઝુંબેશ સાવ ધીમી ગતિએ ચાલતી રહી છે.

૬૦ટકા પશુપાલક શહેરમાંથી જતાં રહેતાં દૂધના ભાવ રૂા. ૨૦ સુધી વધ્યા

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદમાં પશુઓને રાખવા મુદ્દે મ્યુનિ. એ પશુપાલકોને ૧ ડિસેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપ્યું છે. નવી નીતિ મુજબ પશુ રાખવા માટેની વ્યવસ્થા ન હોવાથી શહેરમાં ભાડે રહેતા ૬૦ટકા પશુપાલકો પોતાના પશુને શહેરી વિસ્તાર બહાર ખસેડી રહ્યાં છે. દૂરના સ્થળેથી અમદાવાદમાં દૂધ આપવા આવવા માટેનું અંતર વધી જવાથી પશુપાલકોએ દૂધના ભાવમાં લિટરે રૂા. ૨૦ સુધીનો વધારો કર્યો છે. નવી ઢોર પોલિસી પ્રમાણે પશુઓ રાખવા માટે પશુપાલકો પાસે ચોક્કસ દસ્તાવેજોની માંગ કરી છે. એ તમામ શરતો પૂરી કરનારાને જ શહેરી વિસ્તારમાં પશુઓ રાખવાની મંજૂરી અપાશે.

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

ઓએચઈ સુધારા કામ

ટેન્ડર નોટીસ નં.: DRM/RJT/E-Tender/EL/TRD/2023-24/18 તા. 31.10.2023 ઓફિસનું સરનામું : ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેકશન) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઈટની વિગત: www.ireps.gov.in ટેન્ડર નં.: DRM-RJT-EL-TRD-2023-24-18 (i) કામનું નામ:** રાજકોટ ડિવીઝનના વાંકાનેર સ્ટેશન પર 12 મીટર એફઓબી ની જોગવાઈના સંબંધમાં ઓએચઈ ફેરફારનું કામ. **(ii) અંદાજિત પડતર :** ₹ 95,21,051.26/- **(iii) અર્નેસ્ટ મની:** ₹ 1,90,400/- **(v) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય :** 28.11.2023, 15.00 કલાક સુધી.

100

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

એન્જિનિયરીંગ વિભાગ

"ઈ"-ટેન્ડર નોટીસ - એન્જિનિયરીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. DYCE-BR-BRC-15-2023. ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે, ઇ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. **ક્ર. સં. 01 ટેન્ડર નં. અને કામનું નામ : DYCE-BR-BRC-15-2023.** વડોદરા ડિવિઝનના એડીઈએન (બીઆર) બીઆરસીના અધિકાર ક્ષેત્રમાં વિવિધ મહત્વપૂર્ણ મુખ્ય પુલ સંખ્યા 624 અપ/ડાઉન, 699અપ/ડાઉન, 502 અપ/ડાઉન, 452 અપ/ડાઉન નું એરિયલ સર્વે/નિરીક્ષણ, રતલામ ડિવિઝનના એડીઈએન (બીઆર) આરટીએમ અધિકાર ક્ષેત્ર માં પુલ સંખ્યા 142 અપ/ડાઉન, 226 અપ/ડાઉન, 317 અપ/ડાઉન, 29 અપ/ડાઉન, 94 અપ/ડાઉન, 120 અપ/ડાઉન, 145 અપ/ડાઉન, 26 અપ/ડાઉન, 491, 367, 23 અમદાવાદ ડિવિઝનના એડીઈએન (બીઆર) એડીઆઈના અધિકાર ક્ષેત્રમાં બ્રિજ નં. 26 અપ, 32 અપ, 111, 143 અપ, 152 અને પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનના એડીઈએન (બીઆર) બીએલ ના અધિકાર ક્ષેત્રમાં બ્રિજ નં. 275, 313 અપ/ડાઉન અને 73 અપ/ડાઉન થ્રુ અને લોકલ લાઈન. **કામની અંદાજિત પડતર (₹ માં) : 3,29,113.72 જમા કરાવવાની બીડ સિક્યોરીટી (₹ માં) : 6,600.00 ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ઓનલાઈન ટેન્ડર 08.12.2023 ના 15.00 કલાક પહેલાં સુધી જમા કરાવવાના રહેશે અને તે એ જ દિવસે 15.30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઈટની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ માહિતી જોઈ શકાશે વગેરે : વેબસાઈટ @ www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનીયર (બ્રિજ લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. **W.65/1/14/DE-NIT/R/WR/2023-24**

223

અમને લાઇક કરો: facebook.com/WesternRly

CEEJAY FINANCE LIMITED

CIN : L65910GJ1993PLC019090

Regd. Office : C. J. House, Mota Pore, Nadiad - 387001, Telephone: 02682562633
Website: www.ceejayfinance.com, **E-mail:** cs@ceejayfinance.com
Corp. Office : 9th floor, Abhijeet II, Mithakhali six Road, Ellisbridge, Ahmedabad - 380006.

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2023

(Rs. In Lakhs except per share data)

Particulars	Quarter Ended		Half Year Ended
	30.09.2023 Unaudited	30.09.2022 Unaudited	30.09.2023 Unaudited
Total income from operations (net)	494.18	454.22	970.39
Profit before exceptional and extraordinary item	217.93	206.29	459.86
Profit before tax after exceptional and extraordinary item	217.93	206.29	459.86
Profit after tax after exceptional and extraordinary item	151.85	157.30	336.93
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	151.82	157.72	337.70
Equity Share Capital	345.00	345.00	345.00
Reserves (excluding Revaluation Reserve) as shown in Audited Balance Sheet of previous year	-	-	-
Earnings Per Share (Face Value Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	4.4	4.56	9.77

NOTES :-

01. The above is an extract of the detailed format of the Financial Results for the Quarter and Half Year ended 30th September, 2023, filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said Financial Results are available on the website of the Company and Stock Exchange website at www.bseindia.com.

For, **Ceejay Finance Limited**
Sd/- Deepak Patel
Managing Director
DIN: 00081100

Place : Nadiad
Date: 07.11.2023

SUPER BAKERS (INDIA) LIMITED

(CIN : L74999GJ1994PLC021521)
Regd. Office: Nr. Hirawadi Char Rasta, Anil Starch Mill Road, Ahmedabad - 380 025.

EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH SEPTEMBER, 2023 (Rs. In Lakh)

PARTICULARS	Quarter ended on 30-09-2023 (Unaudited)	Half Year ended on 30-09-2023 (Cumulative) (Unaudited)	Quarter ended on 30-09-2022 (Unaudited)
Total income from operations (Net)	-	-	-
Net Profit for the period (before Tax, Exceptional and/or extraordinary items)	12.42	21.19	11.71
Net Profit for the period before tax (after Exceptional and/or extraordinary items)	12.42	21.19	11.71
Net Profit for the period after tax (after Exceptional and/or extraordinary items)	9.37	15.87	8.59
Total Comprehensive Income for the period	9.37	15.87	8.59
Equity Share Capital	302.16	302.16	302.16
Reserves (excluding Revaluation Reserves)			
Earnings Per Share (after extraordinary items) (Face value of Rs. 10/- each) (for continuing and discontinued operations)			
Basic & Diluted:	0.31	0.52	0.28

NOTES:

1 The above is an extract of the detailed format of Annual / Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2 The full format of Annual /Quarterly Financial Results are available on the website of BSE Limited at www.bseindia.com

For SUPER BAKERS (INDIA) LIMITED
Sd/-ANIL.S.AHUJA
CHAIRMAN & MANAGING DIRECTOR
(DIN:00064596)

Date: 7th November, 2023
Place : Ahmedabad

KUSH INDUSTRIES LIMITED

[L74110GJ1992PLC017218]
Registered Office : Plot No.129, Near J. B. Chemicals, G.I.D.C. Estate, Ankleshwar, Dist. Bharuch - 393002 (Gujarat)

EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH SEPTEMBER, 2023

(Rs. In Lakh)

PARTICULARS	Quarter ended on 30-09-2023 (Unaudited)	Half Year ended on 30-09-2023 (Cumulative) (Unaudited)	Quarter ended on 30-09-2022 (Unaudited)
Total income from operations (Net)	65.88	65.88	-
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	1.58	(1.39)	(4.23)
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	1.58	(1.39)	(4.23)
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	1.58	(1.39)	(4.23)
Total Comprehensive Income for the period	2.22	(0.11)	(4.72)
Equity Share Capital	1484.68	1484.68	1484.68
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year			
Earnings Per Share (after extraordinary items) (Face value of Rs. 10 each) (for continuing and discontinued operations)			
Basic:	0.02	0.00	(0.03)
Diluted:	0.02	0.00	(0.03)

NOTES:

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (LODR) Reg., 2015.
2 The full format of Quarterly Financial Results are available on the website of BSE Limited and also on the website of Company.

For KUSH INDUSTRIES LIMITED
MANSUKH K. VIRANI
WHOLE TIME DIRECTOR
(DIN: 00873403)

Date : 7thNovember, 2023
Place : Ankleshwar

SHARE MART Market to better the best

MARKET CREATORS LIMITED

Registered Office : 'Creative Castle' 70, Sampatrao Colony, Vadodara - 7
Ph. : 0265 - 2354075 Fax : 2340214 • **Email**: info@marketcreators.net
Website : www.sharemart.co.in • **CIN No.**: L74140GJ1991PLC016555

Statement of Audited Financial Results for the Quarter and Half Year Ended as on 30/09/2023

(₹ in lacs)

Particulars	Quarter Ended			Half Year Ended		Year Ended
	30/09/2023 Audited	30/06/2023 Unaudited	30/09/2022 Audited	30/09/2023 Audited	30/09/2022 Audited	31/03/2023 Audited
Total income from operations (net)	200.24	140.15	177.62	340.39	339.27	660.58
Total Profit/(Loss) from ordinary activities before tax	12.41	(9.83)	33.71	2.57	26.31	10.58
Net Profit / (Loss) from ordinary activities after tax (after Extraordinary Items)	-	-	-	-	-	-
Equity Share Capital	1050.00	1050.00	1050.00	1050.00	1050.00	1050.00
Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous year	-	-	-			
Earnings Per Share (in Rupees before / After extraordinary Items) (of ₹ 10/- each)	-	-	-	-	-	-
Basic: (₹)	0.11	(0.09)	0.32	0.02	0.25	0.09
Diluted: (₹)	0.11	(0.09)	0.32	0.02	0.25	0.09

Note: The above is an extract of the detailed format of Standalone Audited financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing obligations and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of standalone Audited Quarterly Financial Results are available on the Stock Exchange websites at **www.bseindia.com** and also on the Company's website at **www.sharemart.co.in**

By Order of the Board
For **Market Creators Ltd.**
Dr. J. H. Shah (Chairman) DIN: 00051917

Place : Vadodara
Date : 7th Nov, 2023

DUTRON POLYMERS LIMITED

Reg. Office : "DUTRON HOUSE" Nr. Mithakhali Underbridge, Navrangpura, Ahmedabad-380009.

UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER, 2023.

₹ In Lakhs

Sr. No.	Particulars	Quarter Ended: Quarter Ended 30-09-2023 (Unaudited)	Quarter Ended: Quarter Ended 30-9-2022 (Unaudited)	Year Ended: Year Ended 31-03-2023 (Audited)
1	Total Income from Operations	2,729.80	2,715.30	13,190.75
2	Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/ or extraordinary items)	50.36	24.42	358.22
3	Net Profit/ (Loss) for the period before tax, (after tax, Exceptional and/ or extraordinary items)	50.36	24.42	358.22
4	Net Profit/ (Loss) for the period after tax, (After Exceptional and/ or extraordinary items)	39.76	4.42	257.60
5	Total Comprehensive Income for the period (Comprising profit/ loss for the period (after tax) and other Comprehensive Income (after tax)	39.76	4.42	257.60